# સંયુકત ચેરિટી કમિશનરશ્રીની કચેરી – રાજકોટ

સ્કીમ અરજી નંબર : ૧૯/૨૦૨૦

ટ્રસ્ટનું નામ : શ્રી ગુજરાતી હાલારી સમવાય ચતુર્વેદીય મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ હિતેચ્છુ મંડળ – રાજકોટ

ટ્રસ્ટ રજી નં : એ/૬૬૨/રાજકોટ.

રાજેશભાઇ ચંપકભાઇ ત્રિવેદી..વિ. ૩..એડવોકેટ એન.એસ.લાખાણી અરજદારો તરફે, સાથે પ્રોકસી એડવોકેટ વાય. એ.બ્લોચ તથા ભરતભાઇ કાંતીલાલ ભટ્ટ વિ. ૧

## આંક -૧ લગત હુકમ

(૧) આંક – (૦૧) ની અરજી હકીકત સાથે નિ. ૨/૧ થી ૨/૧૮, દસ્તાવેજી પુરાવાઓ સાથે આંક – (૨૨) ની અરજી, રેકર્ડ પ્રોસીડીંગ્સ વંચાણે લીધા, સાંભળ્યા.

(૨) અરજદારોએ આ અરજી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એકટની કલમ – ૫૦(એ) (ટુકમાં એકટ) નીચે બંધારણ ઘડી આપવા દાદ સાથે અરજી રજીસ્ટર કરાવેલ છે. આજરોજ સુનાવણી તબક્કે સંબધિત ટ્રસ્ટના જવાબદાર વ્યક્તિઓ તથા પક્ષકારો તેમના વિ.એડવોકેશ્રીઓ સાથે હાજર છે.

(૩) સુનાવણીના તબક્કે બન્ને સબંધિત પક્ષકારો દ્વારા અને તેમના એડવોકેશ્રીઓ દ્વારા અરજી દાદ આંક – (૨૨) ના સુચનો ધ્યાને લઇ મંજુર કરવામાં આવી તો હરકત સમાન નહિ હોવાનું જાહેર કરવામાં આવેલ છે. સાથોસાથ સુચિત ડ્રાફટમાં કલમ – ૮ અનુસંધાને કારોબારીના સભ્યોની સંખ્યા યોગ્ય લાગે તેટલી તથા ટ્રસ્ટના સઘળા વહીવટ, વ્યવહાર, સંચાલન અને નાણાકીય લેવડ-દેવડ તથા નુકસાની સંબધે કારોઆરી સભ્યોની વ્યકતિગત અને સંયુકત જવાબદારી અંગે હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) આથી સંબધિત પક્ષકારોની ઉપરોકત રજુઆત અને આંક – (૨૨) ના સુચનોને અને નિ. ૨/૨ થી રજુ પી.ટી.આર અને નિ. ૨/3 થી રજુ પરી – ૧૦ સાથે રજુ નિ. ૨/૯ થી રજુ સુચિત બંધારણને ટ્રસ્ટના હેતુ તથા પ્રવુતિઓ અને ટ્રસ્ટના સભ્યોની સંખ્યા સાથે અરસપરસ વાંચતા અને તપાસતા ~~કોર્ટ~~ કચેરીનું માનવું છે કે નિ. ૨/૯ થી રજુ સુચિત બંધારણની કલમ – ૮ પેટા ૨ કારોબારી સમિતિમાં જે સભ્ય સંખ્યા દર્શાવી છે તે સભ્ય સંખ્યા ને વાંચતા આ સભ્યોની હાજરી જરૂરી સમયે અને ટ્રસ્ટના હિતના નિર્ણય સંબધે મીટીંગમાં તેઓની હાજરી તથા કોરમ યોગ્ય રીતે જળવાય રહે સાથોસાથ શાંત સુમેળભર્યા સંકલન સાથેના વાતાવરણથી ટ્રસ્ટના વહીવટ અને મિલકત સંબધે

સંયુકત ચેરિટિ કમિશ્નરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ *

સંયુકત ચેરિટિ કમિશ્નરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ *

નિર્ણય લેવાય તેવા હેતુથી કારોબારી સમિતિના સભ્યોની સંખ્યા ૧૧ યોગ્ય, વ્યાજબી અને ન્યાયી રહેશે તેમ આથી ઠરાવવામાં આવે છે. અને તે સંબધેનું ઉમેરણ કલમ – ૮ પેટા ૨ માં સુધારા સાથે ઠરાવવામાં આવે છે. તે જ રીતે આ કારોબારી સમિતિના સભ્યોની ટ્રસ્ટના સઘળા વહીવટ, વ્યવહાર, સંચાલન અને નિયમન બાબતે સાથોસાથ મિલકત સંબધેના વ્યવહારો અએ પણ આ સભ્યોની સંયુકત અને વિભકત જવાબદારી ઠરાવી નિ. ૨/૨ ના પી.ટી.આર અને નિ. ૨/૩ ના પરી – ૧૦ થી ઠરાવી યોગ્ય અને વ્યાજબી જણાય છે. અને જે સંબધેનું ઉમેરણ પણ નિ. ૨/૯ ના સુચિત બંધારણના પારા – ૧૯ થી ઉમેરણ કરવું વ્યાજબી, ન્યાયી ઠરાવવાંમાં આવે છે.છે. આથી તમામ રજુઆતને અંતે આંક – (૨૨) ની અરજી ધ્યાને લઇ હુકમ નીચે મુજબ છે.

<u>હુકમ</u>

(૧) અરજદારની અરજી આથી એકટની કલમ – ૫૦(એ) અન્વયે સર્વસંમતિથી એવા હુકમ સાથે નિકાલ કરવામાં આવે છે કે નિ. ૨/૯ થી રજુ સુચિત બંધારણને આથી પ્રમાણિત ઠરાવી અરજદાર ટ્રસ્ટનાઅ બંધારણ તરીકે ધારાસર અમલમાં મુકવાનેઅને અનુસરવાને હુકમ કરવામાં આવે છે.

સંયુક્ત ચેરિટિ કમિશ્નરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ *

સંયુક્ત ચેરિટિ કમિશ્નરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ *

(૨) વધુમાં એવો પણ હુકમ કરવામાં આવે છે કે, નિ. ૨/૯ થી રજુ સુચિત બંધારણમાં કલમ – ૮ પેટા ૨ માં કારોબારી સમિતિના સભ્યોની સંખ્યા ૧૧ દર્શાવવી. અને નિ. ૨/૧૨ થી રજુ કારોબારી સમિતિના નામ-સરનામાની તા. ૧૦/૧૧/૨૦૨૦ ની યાદી પૈકી ક્રમાંક નંબર : (૧,૨,૩,૫,૬,૮,૭,૧૦,૧૯,૨૦,૨૧) ના વ્યક્તિઓને પ્રથમ ૧૧ કારોબારી સમિતિના સભ્યો તરીકે આથી નિયુકત કરવામાં આવે છે.

(3) વિશેષ એવો પણ હુકમ કરવામાં આવે છે કે, નિ. ૨/૯ ના સુચિત બંધારણની કલમ – ૮ પેટા ૧૯ તરીકે ઉમેરણ કરી તેમાં નીચેની હકીકત દર્શાવવી...

"આ ટ્રસ્ટના કારોબારી સભ્યોસભ્યો ટ્રસ્ટના સમગ્ર સંચાલન, વહીવટ, વ્યવહાર અને મિલકત સંબંધેના વ્યવહારો અંગે સંયુકત અને વિભકત જવાબદાર રહેશે."

(૪) રજીસ્ટ્રાર સંયુકત ચેરિટી કમિશનર કચેરી રાજકોટ ને હુકમ છે કે નિ. ૨/૯ ના સુચિત સ્કીમ ડ્રાફટને ટાઇપ કરી ધારાસરની સહી મેળવી ઓફીસના સીલ સાથે રજુ કરવો.

સંયુક્ત ચેરિટિ કમિશનરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ

(૫) આ હુકમની એક ખરી નકલ મદદનીશ ચેરિટી કમિશનરશ્રી રાજકોટ કચેરીને વંચાણે તથા અમલીકરણ માટે મોકલી આપવી.

(૬) અરજી ખર્ચ અંગે હુકમ નથી.

આ હુકમ આજ તા. ૨૭/૦૮/૨૦૨૧ ના રોજ વાંચી જાહેર કર્યો.

27 AUG 2021

JOINT CHARITY COMMISSIONER

રાજકોટ (પી.સી. રાવલ)

તા. ૨૭/૦૮/૨૦૨૧ સંયુક્ત ચેરિટી કમિશનર

રાજકોટ.

Seen
N. S. Lachure
Advo.
dt. 27/8/2021

R. H. Upadhyay
27/8/2021.

Seen
B.K. Bhatt
(BHARAT BHATT)
B.K. Bhatt
27/08/2021

(N. ...)
27/8/21

આથી દાખલો આપવામાં આવે છે કે
આ પ્રમાણિત નકલ છે

અધીક્ષક 27/08/21
સંયુક્ત ચેરિટી કમિશનરશ્રીની કચેરી
રાજકોટ

નકલ ફી રૂ. 18/-
પેપર ફી રૂ. —
મુકાબલા રૂ. 30/-
કુલ રૂ. 48/-

નકલ કરનાર
મુકાબલા કરનાર